# રાજ્યમાં ધોરણ-૧૨ સાયન્સનું ૭૨.૯૯ ટકા પરિણામ

## સૌથી ઓછુ ઉદયપુર જિલ્લાનું ૩૫.૬૪ ટકા પરિણામ રહ્યું : અગ્રેજી માધ્યમનું પરિણામ ૭૫.૫૮ ટકા અને ગુજરાતી માધ્યમનું પરિણામ ૭૨.૪૫ ટકા રહ્યું

ગાંધીનગર, તા.૧૦ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા માર્ચ ૨૦૧૮માં લેવામાં આવેલી ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહની પરીક્ષાનુ પરિણામ આજે ભારે ઉત્સુકતા વચ્ચે જાહેર કરવામાં આવ્યુ હતું.ગુજરાતનુ પરિણામ ૭૨.૯૯ ટકા જાહેર કરવામાં આવ્યુ છે. ગુજરાતના શિક્ષણ પ્રધાન ભુપેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા સવારે પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સુકતા જોવા મળી હતી. સેમેસ્ટર પ્રથાને રદ કરવામાં આવ્યા બાદ ધોરણ-૧૨ બોર્ડની પરીક્ષાનુ પરિણામ પ્રથમ વખત જાહેર કરવામાં આવ્યુ છે. અમદાવાદ શહેરનુ પરિણામ ૭૫.૨૪ ટકા જાહેર કરવામાં આવ્યુ હતુ. જ્યારે અમદાવાદ જિલ્લાનુ પરિણામ ૮૨.૧૭ ટકા જાહેર કરવામાં આવ્યુ હતુ. ગયા વર્ષે વિજ્ઞાન પ્રવાહનુ પરિણામ ૮૧.૮૯ ટકા જાહેર કરવામાં આવ્યુ હતુ. ગયા વર્ષની તુલનામાં પરિણામ આ વખતે નીચે રહ્યુ છે. આજે પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ ૧૦૦ ટકા પરિણામવાળી સ્કુલોની સંખ્યા ૪૨ નોંધાઇ છે. જ્યારે ૧૦ ટકા કરતા ઓછુ પરિણામ મેળવનાર સ્કુલોની સંખ્યા ૨૬ રહી છે. આવી જ રીતે એ વન ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૨૮૩૮ નોંધાઇ છે. એ ગ્રુપના પરીક્ષાર્થીઓનુ પરિણામ ૭૭.૨૯ ટકા રહ્યુ છે. બી ગ્રુપના પરીક્ષાર્થીઓનુ પરિણામ ૬૯.૭૭ ટકા રહ્યુ છે. આવી જ રીતે એબી ગ્રુપના પરીક્ષાર્થીઓનુ પરિણામ ૬૧.૧૧ ટકા રહ્યુ છે. આંકડામાં દર્શાવવામાં આવ્યુ છે કે ૨૦ ટકા પાસિંગ સટાન્ડર્ડનો લાભ લઈને પાસ થનાર ડિફરેન્ટએબલ પરીક્ષાઓ ૨૧ નોંધાયા છે. આ વખતે ચોરી અને કોપી કેસને રોકવા માટે તમામ પગલા લેવામાં આવ્યા હતા. જુદા જુદા પગલાના ભાગરૂપે ગેરરીતિના કેસોની સંખ્યા ૧૨૦ નોંધાઇ છે. ૧૩૪૩૫૨ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જે પૈકી ૯૮૦૬૭ વિદ્યાર્થીઓ પ્રમાણપત્ર મેળવવાના પાત્ર થયા છે. આ વખતે પણ અંગ્રેજી માધ્યમનુ પરિણામ સૌથી વધારે ૭૫.૫૮ રહ્યુ છે. ગુજરાતી માધ્યમનુ પરિણામ ૭૨.૪૫ ટકા રહ્યુ છે. કુલ પરિણામ ૭૨.૯૯ ટકા રહ્યુ છે. રાજકોટ જિલ્લાનુ સૌથી ઉંચુ પરિણામ ૮૫.૦૩ ટકા આવ્યુ છે. જ્યારે છોટા ઉદયપુર જિલ્લાનુ પરિણામ સૌથી ઓછુ ૩૫.૬૪ ટકા રહ્યુ છે. ધ્રોળ કેન્દ્રનુ પરિણામ ૯૫.૬૫ ટકા રહ્યુ છે. રાજ્યભરમાં તે પ્રથમ સ્થાને છે. આજે પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ લાખો વિદ્યાર્થીઓના ભાવિનો ફેસલો થયો હતો. સૌથી વધારે પરિણામવાળા જિલ્લો રાજકોટ છે. જ્યાં પરિણામ ૮૫.૦૩ ટકા રહ્યુ છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્મિક દ્વારા માર્ચમાં પરીક્ષા લેવામાં આવી હતી. ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહમાં ૫૬ ઝોનના ૧૪૦ કેન્દ્રોમાં ૧૪૦ શાળા બિલ્ડીંગમાં ૬૮૮૦ બ્લોકમાં વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતા. ધોરણ ૧૨નું પરિણામ જાહેર થયા બાદ માર્કશીટ, પ્રમાણપત્ર તથા ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટની માર્કશીટનું વિતરણ જિલ્લા વિતરણ સ્થળ પર સવારે ૧૧ વાગ્યાથી ચાર વાગ્યા સુધી કરવામાં આવી રહ્યુ છે. રાજ્યની વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યને આ અંગે પહેલાથી જ જાણ કરી દેવામાં આવી હતી. ગુજરાત બોર્ડ સિવાયના અન્ય ઉમેદવારોની ગુજકેટની માર્કશીટ ટપાલ દ્વારા મોકલવામાં આવી રહી છે. વિજ્ઞાન પ્રવાહ તથા ગુજકેટનું પરિણામ પરિણામ ૧૦મી મેના દિવસે જાહેર કરવામાં આવ્યા સવારથી વિદ્યાર્થી ભારે ઉત્સુક દેખાયા હતા. સવારે ૯ વાગે બોર્ડની વેબસાઈટ ઉપર મુકી દેવામાં આવ્યુ હતુ. શિક્ષણ વિભાગ અને ગુજરાત બોર્ડના સુત્રોનું કહેવું છે કે, સામાન્ય પ્રવાહનું પરિણામ પણ ૧૫થી ૨૦મી મેની વચ્ચે જાહેર થઈ શકે છે. ધોરણ ૧૦ બોર્ડની પરીક્ષાનું પરિણામ ૨૮થી ૩૧મી મેની વચ્ચે જાહેર થવાની શક્યતા છે. જો કે, ધોરણ ૧૦ બોર્ડની પરીક્ષા અને ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાના પરિણામની તારીખ હજુ જાહેર કરવામાં આવી નથી. વિજ્ઞાન પ્રવાહના પરિણામની તારીખ જાહેર કરવામાં આવી ચુકી છે.

### પ્રથમ નજરે પરિણામ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા માર્ચ ૨૦૧૮માં લેવામાં આવેલી ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહની પરીક્ષાનુ પરિણામ આજે ભારે ઉત્સુકતા વચ્ચે જાહેર કરવામાં આવ્યુ હતું.ગુજરાતનુ પરિણામ ૭૨.૯૯ ટકા જાહેર કરવામાં આવ્યુ છે. ગુજરાતના શિક્ષણ પ્રધાન ભુપેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા સવારે પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સુકતા જોવા મળી હતી. સેમેસ્ટર પ્રથાને રદ કરવામાં આવ્યા બાદ ધોરણ-૧૨ બોર્ડની પરીક્ષાનુ પરિણામ પ્રથમ વખત જાહેર કરવામાં આવ્યુ છે. પરિણામ હાઈલાઈટ્સ નીચે મુજબ છે.

| | |
|---|---|
| એકંદરે પરિણામ | ૭૨.૯૯ ટકા |
| વિદ્યાર્થીઓનુ પરિણામ | ૭૧.૮૪ ટકા |
| વિદ્યાર્થીનિઓનુ પરિણામ | ૭૪.૯૧ ટકા |
| વધુ પરિણામ ધરાવતું કેન્દ્ર | ધ્રોલ (૯૫.૬૫ ટકા) |
| ઓછુ પરિણામ ધરાવતું કેન્દ્ર | બોડેલી (૨૭.૬૧ ટકા) |
| વધુ પરિણામ ધરાવતો જિલ્લો | રાજકોટ (૮૫.૦૩ ટકા) |
| ઓછું પરિણામ ધરાવતો જિલ્લો | છોટાઉદયપુર (૩૫.૬૪ ટકા) |
| ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળા | ૪૨ |
| ૧૦ ટકા કરતા ઓછું પરિણામ ધરાવતી શાળા | ૨૬ |
| એ-૧ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓ | ૧૩૬ |
| એ-૨ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓ | ૨૮૩૮ |
| અંગ્રેજી માધ્યમનુ પરિણામ | ૭૫.૫૮ ટકા |
| ગુજરાતી માધ્યમનુ પરિણામ | ૭૨.૪૫ ટકા |
| એ ગ્રુપના ઉમેદવારોનુ પરિણામ | ૭૭.૨૯ ટકા |
| બી ગ્રુપના ઉમેદવારોનુ પરિણામ | ૬૯.૭૭ ટકા |
| એબી ગ્રુપના ઉમેદવારોનુ પરિણામ | ૬૧.૧૧ ટકા |
| ગેરરીતિના કેસની સંખ્યા | ૧૨૦ |
| ૨૦ ટકા પાસીંગ માર્કસ મેળવનાર વિદ્યાર્થીઓ | ૨૧ |
| પરિણામ રિઝર્વ | ૧૨૦ |
| કુલ પરીક્ષા કેન્દ્રો હતા | ૧૪૦ |
| કુલ વિદ્યાર્થીઓ નોંધાયા હતા | ૧૩૪૪૩૯ |
| પરીક્ષામાં ઉપસ્થિત વિદ્યાર્થી | ૧૩૪૩૫૨ |
| પાસ થયેલા વિદ્યાર્થી | ૯૮૦૬૭ |

### ગ્રેડ વાર ઉમેદવાર

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા માર્ચ ૨૦૧૮માં લેવામાં આવેલી ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહની પરીક્ષાનુ પરિણામ આજે ભારે ઉત્સુકતા વચ્ચે જાહેર કરવામાં આવ્યુ હતું. ગ્રેડ વાર ઉમેદવારોની વાત કરવામાં આવે તો આ વખતે એ વન ગ્રેડમાં ૧૩૬ વિદ્યાર્થીઓ નોંધાયા છે. સી ટુમાં સૌથી વધારે ૩૨૨૩૪ વિદ્યાર્થીઓ નોંધાયા છે. ગ્રેડ ને લઈને હંમેશા વિદ્યાર્થીઓમાં ઉત્સુકતા રહે છે. બોર્ડ દ્વારા કેટલાક નવા નિયમો શરૂ કરવામાં આવ્યા બાદથી ગ્રેડ વાર પદ્ધતિથી પરિણામ જાહેર કરવામાં આવે છે. આ વખતે એ૧ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા પણ ગયા વર્ષની સરખામણીમાં ઓછી રહી છે અને માત્ર ૧૩૬ વિદ્યાર્થીઓ એ૧ ગ્રેડ મેળવી શક્યા છે. સાથે સાથે નાપાસ લખવાની પ્રથા પણ દેખાતી નથી. ગ્રેડવાર ઉમેદવાર નીચે મુજબ છે.

| ગ્રેડ | સંખ્યા |
|---|---|
| એ વન | ૧૩૬ |
| એ ટુ | ૨૮૩૮ |
| બી વન | ૮૭૬૨ |
| બી ટુ | ૧૫૨૯૫ |
| સી વન | ૩૩૬૫૫ |
| સી ટુ | ૩૨૨૩૪ |
| ડી | ૧૪૮૫૩ |
| ઈ વન | ૨૯૪ |
| એન આઈ | ૩૬૩૭૨ |

નોંધ : એનઆઈ એટલે કે પરિણામમાં સુધારા કરવાની જરૂર

### અંગ્રેજી માધ્યમનું સૌથી વધુ ૭૫.૫૮ ટકા પરિણામ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા માર્ચ ૨૦૧૮માં લેવામાં આવેલી ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહની પરીક્ષાનુ પરિણામ આજે ભારે ઉત્સુકતા વચ્ચે જાહેર કરવામાં આવ્યુ હતું.ગુજરાતનુ પરિણામ ૭૨.૯૯ ટકા જાહેર કરવામાં આવ્યુ છે. આ વખતે પણ અંગ્રેજી માધ્યમનું પરિણામ ગુજરાતી માધ્યમ કરતા વધારે રહ્યું છે. અંગ્રેજી માધ્યમનું પરિણામ ૭૫.૫૮ ટકા રહ્યું છે જ્યારે ગુજરાતી માધ્યમનું પરિણામ ૭૨.૪૫ ટકા રહ્યું છે. આ વખતે અંગ્રેજી માધ્યમમાં નોંધાયેલા કુલ વિદ્યાર્થીઓની સંખ્યા ૨૭૬૦૪ નોંધાઈ હતી જે પૈકી ઉપસ્થિત રહેલા વિદ્યાર્થીઓની સંખ્યા ૨૭૫૯૦ નોંધાઈ હતી. અંગ્રેજી માધ્યમમાં એ૧ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૨૨ નોંધાઈ છે જ્યારે એ૨ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૭૪૭ અને બી૧ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૨૧૫૭ નોંધાઈ છે. અંગ્રેજી માધ્યમમાં ફેઈલ થયેલા વિદ્યાર્થીઓની સંખ્યા ૬૭૫૧ નોંધાઈ છે. આવી જ રીતે ગુજરાતી માધ્યમની વાત કરવામાં આવે તો ગુજરાતી માધ્યમમાં ૧૦૪૫૬૮ વિદ્યાર્થીઓ નોંધાયા હતા જે પૈકી ૧૦૪૫૦૨ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગ્રેડની વાત કરવામાં આવે તો ગુજરાતી માધ્યમમાં ૧૧૨ વિદ્યાર્થી એ૧ ગ્રેડ અને ૨૦૭૩ વિદ્યાર્થી એ૨ ગ્રેડ મેળવી શકયા છે. બી૧ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૬૫૪૯ નોંધાઈ છે. ગુજરાતી માધ્યમમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની સંખ્યા ૨૮૮૫૬ નોંધાઈ છે. ગુજરાતી માધ્યમનું પરિણામ ૭૨.૪૫ ટકા રહ્યું છે. હિન્દી વિદ્યાર્થીઓની સંખ્યા દિન પ્રતિદિન ઘટી રહી છે જે ચિંતાજનક બાબત દેખાઈ રહી છે. હિન્દી માધ્યમના ૧૯૪૧ વિદ્યાર્થી નોંધાયા હતા જે પૈકી ૧૯૩૫ વિદ્યાર્થી ઉપસ્થિત રહ્યા હતા. બે વિદ્યાર્થી એ૧ ગ્રેડ મેળવી શક્યા છે જ્યારે ૧૮ વિદ્યાર્થી એ૨ ગ્રેડ મેળવી શક્યા છે. ૬૮૩ વિદ્યાર્થી હિન્દી માધ્યમમાં નાપાસ થયા છે. આવી જ રીતે પાસની ટકાવારી ૬૫.૦૧ ટકા રહી છે. ગયા વર્ષની તુલનામાં પરિણામ આ વખતે નીચે રહ્યુ છે. આજે પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ ૧૦૦ ટકા પરિણામવાળી સ્કુલોની સંખ્યા ૪૨ નોંધાઈ છે. જ્યારે ૧૦ ટકા કરતા ઓછુ પરિણામ મેળવનાર સ્કુલોની સંખ્યા ૨૬ રહી છે. આવી જ રીતે એ વન ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૨૮૩૮ નોંધાઈ છે. એ ગ્રુપના પરીક્ષાર્થીઓનુ પરિણામ ૭૭.૨૯ ટકા રહ્યુ છે. બી ગ્રુપના પરીક્ષાર્થીઓનુ પરિણામ ૬૯.૭૭ ટકા રહ્યુ છે. આવી જ રીતે એબી ગ્રુપના પરીક્ષાર્થીઓનુ પરિણામ ૬૧.૧૧ ટકા રહ્યુ છે. આંકડામાં દર્શાવવામાં આવ્યુ છે કે ૨૦ ટકા પાસિંગ સટાન્ડર્ડનો લાભ લઈને પાસ થનાર ડિફરેન્ટએબલ પરીક્ષાઓ ૨૧ નોંધાયા છે.

# ધોરણ-૧૨ સાયન્સમાં ફરીથી વિદ્યાર્થિનીઓ ઝળકી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા માર્ચ ૨૦૧૮માં લેવામાં આવેલી ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહની પરીક્ષાનુ પરિણામ આજે ભારે ઉત્સુકતા વચ્ચે જાહેર કરવામાં આવ્યુ હતું.ગુજરાતનુ પરિણામ ૭૨.૯૯ ટકા જાહેર કરવામાં આવ્યુ છે. ગુજરાતના શિક્ષણ પ્રધાન ભુપેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા સવારે પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સુકતા જોવા મળી હતી. સેમેસ્ટર પ્રથાને રદ કરવામાં આવ્યા બાદ ધોરણ-૧૨ બોર્ડની પરીક્ષાનુ પરિણામ પ્રથમ વખત જાહેર કરવામાં આવ્યુ છે. આ વખતે પણ વિદ્યાર્થીઓ કરતા વિદ્યાર્થીનીઓ આગળ રહી છે. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ આજે જાહેર કરવામાં આવ્યા બાદ સરખામણી કરવામાં આવે તો ૭૧.૮૪ ટકા વિદ્યાર્થીઓ પાસ થયા છે જ્યારે ૭૪.૯૧ ટકા વિદ્યાર્થીનીઓ પાસ થઈ છે. આનો મતલબ એ થયો કે, વિદ્યાર્થીઓની સરખામણીમાં વિદ્યાર્થીનીઓ ખુબ આગળ રહી છે. આ વખતે નોંધાયેલા વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ૮૪૧૩૦ રહી હતી અને વિદ્યાર્થીનીઓની સંખ્યા ૫૦૩૦૯ રહી હતી. આવી જ રીતે પરીક્ષામાં




૮૪૦૭૬ વિદ્યાર્થીઓ અને ૫૦૨૭૬ વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહી હતી. જે વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા તે પૈકી ૬૦૪૦૪ વિદ્યાર્થીઓ પાસ થયા છે જ્યારે વિદ્યાર્થીનીઓની વાત કરવામાં આવે તો પાસની સંખ્યા ૩૭૬૬૩ નોંધાઈ છે. ઉપસ્થિત રહેલા ઉમેદવારો સામે ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર મેળવવાને પાત્ર થયેલા ઉમેદવારોની ટકાવારીની વાત કરવામાં આવે તો વિદ્યાર્થીઓની ટકાવારી ૭૧.૮૪ ટકા અને વિદ્યાર્થીનીઓની ૭૪.૯૧ ટકા રહી છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્મિક દ્વારા માર્ચમાં પરીક્ષા લેવામાં આવી હતી. ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહમાં ૫૬ ઝોનના ૧૪૦ કેન્દ્રોમાં ૧૪૦ શાળા બિલ્ડીંગમાં ૬૮૮૦ બ્લોકમાં વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતા. ધોરણ ૧૨નું પરિણામ જાહેર થયા બાદ માર્કશીટ, પ્રમાણપત્ર તથા ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટની માર્કશીટનું વિતરણ જિલ્લા વિતરણ સ્થળ પર સવારે ૧૧ વાગ્યાથી ચાર વાગ્યા સુધી કરવામાં આવ્યું હતું. આ વખતે ધારણા પ્રમાણે જ વધુ સંખ્યામાં વિદ્યાર્થીનીઓ પાસ થઈ છે. ગયા વર્ષની સરખામણીમાં પરિણામ ઓછુ રહ્યુંછે. પરિણામ ઓછું રહેવા માટે કોઈ કારણો નક્કર દેખાતા નથી પરંતુ કેટલાક વિદ્યાર્થીઓનું કહેવું છે કે, કેટલાક વિષયના પેપર આ વખતે પ્રમાણમાં મુશ્કેલ આવ્યા હતા જેના લીધે જ ઘણા વિદ્યાર્થીઓ સ્કોર કરી શક્યા નથી પરંતુ પાસની ટકાવારી પણ આ વખતે પણ ૭૨.૯૯ ટકા છે જે એકંદરે ઓછી કહી શકાય તેમ નથી.

### ધોરણ-૧૨ સાયન્સનું રિઝલ્ટ ઘટવા પાછળ સરકાર દોષિત

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજરોજ જાહેર થયેલા ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહનાં પરિણામમાં આંચકારૂપ માહિતી સામે આવી છે. છેલ્લા પાંચ વર્ષમાં સૌથી ઓછું પરિણામ આ વર્ષે આવ્યું છે. ગત વર્ષની સરખામણીએ આ વર્ષે ૯ ટકા જેટલું પરિણામ ઘટ્યું છે. આ મુદ્દે ગુજરાત કોંગ્રેસનાં પ્રવક્તા ડો.મનિષ દોશીએ સરકાર પર પ્રહાર કરતા જણાવ્યું હતું કે વિજ્ઞાનપ્રવાહનું પરિણામ ઘટવા પાછળ રાજ્યમાં ગણિત-વિજ્ઞાનનાં શિક્ષકોની ઘટ, દિશાવિહિન વિભાગ અને રાજ્યમાં ફાટી નિકળેલા કોચિંગ ક્લાસ મુખ્યત્વે જવાબદાર છે. પ્રદેશ કોંગ્રેસ પ્રવક્તા ડો.મનીષ દોશીએ ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના પરિણામમાં આવેલા ઘટાડા અંગે સરકારને નિશાન બનાવી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે છેલ્લા પાંચ વર્ષમાં સૌથી ઓછું પરિણામ આવવા પાછળ શિક્ષણ વિભાગની ઉદાસીનતા કારણભૂત છે. શિક્ષણમાં ભ્રષ્ટાચાર અને દિશા વિહિન શિક્ષણવિભાગની અસર પરિણામ પર જોવા મળી છે. સરકારની નિષ્ક્રિયતા અને ઉદાસીનતાને લઈ વિદ્યાર્થી અને વાલીઓ ભોગ બન્યા છે.



મહારાણા પ્રતાપ જન્મજયંતી નિમિત્તે હિન્દુ યુવા વાહીની બાયડ અરવલ્લી દ્વારા જય અંબે મંદબુદ્ધિ આશ્રમ ખાતે જરૂરતમંદોને બિસ્કીટ, ફ્રૂટ તેમજ આઈસક્રીમ વિતરણનું આયોજન કરવામાં આવ્યું છે. જે પ્રસંગે હિન્દુ યુવા વાહીની બાયડના જયકિશન ભટ્ટ, યુવા સમાજસેવી કેતન બ્રહ્મભટ્ટ, રોશન ચૌધરી, હેજાન ચૌધરી તેમજ અન્ય કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા, જિલ્લા અધ્યક્ષ હર્ષ પંડ્યા તેમજ પ્રભારી સુરપાલસિંહ રાઠોડ દ્વારા આગામી સમયમાં હિંદુ રત્ન મેવાડી શાન મહારાણા પ્રતાપ વક્તૃત્વ સ્પર્ધા અરવલ્લીનું આયોજન કરવાની જાહેરાત કરવામાં આવી હતી.

# સહકારી ચૂંટણી લડવા પર વિપુલ ચૌધરી પર અંતે બ્રેક

## પશુદાણ કૌભાંડના કેસમાં ભૂતપૂર્વ ગૃહમંત્રી વિપુલ ચૌધરી પાસેથી ૪૨ કરોડ રૂપિયા વસૂલવા હાઈકોર્ટ માટે હુકમ

અમદાવાદ,તા. ૧૦ ગુજરાતભરમાં જબરદસ્ત ચકચાર જગાવનારા પશુદાણ કૌભાંડના કેસમાં ગુજરાત હાઈકોર્ટે એક બહુ મહત્વના ચુકાદા મારફતે રાજયના પૂર્વ ગૃહમંત્રી અને પશુદાણ કેસમાં સંડોવણી ધરાવતા દૂધસાગર ડેરીના પૂર્વ ચેરમેન વિપુલ ચૌધરીને કોઈપણ સહકારી ચૂંટણી લડવા પર પ્રતિબંધ ફરમાવી દીધો છે. આ હુકમ સાથે જ હાઈકોર્ટે ચકચારભર્યા પશુદાણ કૌભાંડ કેસમાં વિપુલ ચૌધરી પાસેથી રૂ.૪૨ કરોડ વસૂલવાનો પણ આદેશ કર્યો છે. આ હુકમને પગલે વિપુલ ચૌધરીને ગુજરાત હાઈકોર્ટમાંથી બહુ મોટો ઝટકો મળ્યો છે, તો સાથે સાથે હાઈકોર્ટના આ ચુકાદાને લઈ સહકારી ક્ષેત્રમાં જબરદસ્ત ચકચાર મચી ગઈ છે.

બીજીબાજુ, ચૌધરી દ્વારા ગુજરાત હાઈકોર્ટના આ ચુકાદા સામે સુપ્રીમકોર્ટમાં પિટિશન કરવાની વિચારણા ચાલી રહી છે. ચુકાદાના અભ્યાસ અને કાયદાકીય નિષ્ણાતોના અભિપ્રાય બાદ ચૌધરી હાઈકોર્ટના ચુકાદાને સુપ્રીમકોર્ટમાં પડકારે તેવું મનાઈ રહ્યું છે. ગુજરાતભરમાં ભારે ચકચાર જગાવનાર આ કેસની વિગત એવી છે કે, મહારાષ્ટ્રમાં દુષ્કાળ સમયે મહારાષ્ટ્રની મહાનંદા ડેરીને રૂ. ૨૨.૫૦ કરોડનું પશુદાણ આપવામાં અનિયમિતતા, સાગર ડેરીમાં રૂ. ૨.૦૬ કરોડના માલના સ્ટોકમાં ગેરરીતિ અને ખાંડની ખરીદીમાં રૂ. ૧૭.૨૬ કરોડની ગેરરીતિ એમ કુલ રૂ. ૪૧.૮૩ કરોડની અનિયમિતતા આચરી હોવા સહિતના કેટલાક ગંભીર આરોપ વિપુલ ચૌધરી પર લાગ્યા હતા. કરોડો રૂપિયાના ભ્રષ્ટાચાર અને કૌભાંડને લઈ રાજય સરકારે પણ સમગ્ર મામલાને ગંભીરતાથી લઈ ચૌધરીને કારણદર્શક નોટિસ ફટકારી તેમની પાસેથી કૌભાંડની રકમ વસૂલવાની કાર્યવાહી હાથ ધરી હતી. સરકારની આ કાર્યવાહીને વિપુલ ચૌધરીએ ગુજરાત હાઈકોર્ટમાં પડકારી હતી, જેની સુનાવણી બાદ હાઈકોર્ટે ચૌધરીને કોઈપણ પ્રકારની રાહત આપવાનો સાફ ઈન્કાર કરી દીધો હતો. વિપુલ ચૌધરી પાસેથી સહકારી કાયદાની કલમ -૯૩ હેઠળ રૂ. ૪૨ કરોડની વસુલાત માટે સરકારે કાર્યવાહી હાથ ધરી હતી, તેને પણ ચૌધરીએ પડકારી હતી પરંતુ હાઈકોર્ટે તેમાં પણ કોઈ રાહત નહી આપતાં હવે સરકાર માટે વિપુલ ચૌધરી પાસેથી રૂ.૪૨ કરોડ વસૂલવાનો માર્ગ મોકળો બન્યો છે. હાઈકોર્ટે સરકારના કલમ-૯૩ હેઠળ દોષિત વ્યક્તિને કોઈ પણ સહકારી ચૂંટણી લડવા પર પ્રતિબંધ મુકવાના નિર્ણયને પણ બહાલ રાખ્યો હતો, જેથી વિપુલ ચૌધરી હવે કોઈપણ સહકારી ક્ષેત્રની ચૂંટણી લડી શકશે નહી અને તેમના સહકારી ક્ષેત્રના ભાવિ ઉપર પૂર્ણ વિરામ મુકાઈ જવાનો ખતરો તોળાયો છે. ઉલ્લેખનીય છે કે, વર્ષ ૧૯૯૫માં જ્યારે ભાજપમાં શંકરસિંહ વાઘેલાએ બળવો કર્યો ત્યારે વિપુલ ચૌધરી પણ તેમની સાથે હતા. બળવા બાદ વાઘેલાના નેતૃત્વમાં રચાયેલી રાજપા સરકારમાં તેઓ ગૃહમંત્રી બન્યા હતા. ત્યાર બાદ તેઓ સહકારી ક્ષેત્રને સાચવી રાખવા માટે ફરીથી ભાજપમાં જોડાયા હતા.આ દરમિયાન તેઓ ગુજરાત મિલ્ક માર્કેટિંગ ફેડરેશનના અને દૂધ સાગર ડેરીના ચેરમેન બન્યા હતા.

### પડઘમ શાંત

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

પ્રચારની જવાબદારી વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપ પ્રમુખ અમિત શાહ અને ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથે સંભાળી હતી. આ ત્રણેય દ્વારા જોરદાર પ્રચાર કરીને માહોલ સર્જવાના પ્રયાસ કર્યા હતા. કોંગ્રેસ તરફથી રાહુલ ગાંધીએ છેલ્લી ઘડી સુધી પ્રચારમાં એડીચોટીનું જોર લગાવ્યું હતું. કર્ણાટકમાં ૨૨૪ વિધાનસભા બેઠકો પૈકી ૨૨૩ માટે ૧૨મી મેના દિવસે મતદાન યોજનાર છે. આંકડા દર્શાવે છે કે કર્ણાટક ચૂંટણીમાં ૩૯૧ ઉમેદવારોની સામે અપરાધિક કેસ રહેલા છે. ભાજપના ઉમેદવારોની સામે સૌથી વધારે કેસ છે. ભાજપના ૨૨૪ ઉમેદવારો પૈકીના ૮૩ ઉમેદવારો અથવા તો ૩૭ ટકા ઉમેદવારો કેટલાક અપરાધિક કેસમાં સંડોવાયેલા રહ્યા છે. ભાજપ બાદ બીજા સ્થાન પર કોંગ્રેસ પાર્ટી છે. કોંગ્રેસે ૨૨૦ ઉમેદવારો પૈકી ૫૯ એવા નેતાઓને ટિકિટ આપી છે જેમની સામે અપરાધિક કેસ રહેલા છે. કોંગ્રેસના ૫૯ ઉમેદવારોની સામે અપરાધિક કેસ રહેલા છે. બીજી બાજુ જેડીએસના ૧૯૯ પૈકી ૪૧ સામે અપરાધિક કેસ નોંધાયેલા છે. ચૂંટણી સાથે જોડાયેલા આંકડા દર્શાવે છે કે વર્ષ ૨૦૧૩માં વિધાનસભાની ચૂંટણીની તુલનામાં વર્ષ ૨૦૧૮માં અપરાધિક મામલામાં ફસાયેલા ઉમેદવારોની સંખ્યા ૩૩૪થી વધીને ૩૯૧ થઈ ગઈ છે. એડીઆર દ્વારા કરવામાં આવેલા મુલ્યાંકનની બાબત ઉમેદવારો દ્વારા દાખલ કરવામાં આવેલી એફિડેવિટ પર આધારિત છે. જેમાં ૨૫૬૦ ઉમેદવારો પૈકી ૩૯૧ ઉમેદવારોની સામે અપરાધિક કેસ રહેલા છે.ગંભીર મામલાનો સામનો કરતા ઉમેદવારોની સંખ્યા વર્ષ ૨૦૧૩માં ૧૯૫ હતી જે આ વખતે ૨૫૪ થઈ ગઈ છે. ચાર ઉમેદવારોની સામે હત્યાના કેસ રહેલા છે. કર્ણાટકની ગરમી હાલ રહેલી છે.કોંગ્રેસના ૩૨ એટલે કે ૧૫ ટકા તથા જેડીએસના ૨૯ અથવા તો ૧૫ ટકા ઉમેદવારો ગંભીર અપરાધિક મામલાઓનો સામનો કરી રહ્યા છે. ગંભીર મામલાઓનો સામનો કરી રહેલા ઉમેદવારોની સંખ્યા પણ ૨૦૧૩માં ૧૯૫ હતી જે વધીને હવે ૨૫૪ થઈ ગઈ છે. ચાર ઉમેદવારની સામે હત્યાના કેસ રહેલા છે. ૨૫ ઉમેદવારની સામે હત્યાના પ્રયાસના કેસ રહેલા છે. ૨૩ ઉમેદવાર મહિલાઓની સામે અપરાધમાં ફસાયેલા છે.કર્ણાટક ચૂંટણીને લઈને તમામ મતદારો પણ ભારે ઉત્સાહિત દેખાઈ રહ્યા છે.

### આધાર મામલે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ચર્ચામાં રહ્યો છે. કોર્ટમાં સુનાવણી દરમિયાન ડેટાની સુરક્ષાને લઈને પણ પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા. સુનાવણી દરમિયાન કેન્દ્રએ આધારને મોબાઈલ સાથે લિંક કરવાના પોતાના નિર્ણયનો મજબૂતી સાથે બચાવ કર્યો હતો. જો કે, મોબાઈલ ફોનને આધાર સાથે ફરજિયાતપણે જોડવાના સરકારના નિર્ણય સામે પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, મોબાઈલ યુઝર્સના ફરજિયાત લિંકને લઈને કેટલાક પ્રશ્નો લોકો પણ કરી રહ્યા છે. આધારને લઈને લેવામાં આવેલી માહિતી કેટલી સુરક્ષિત છે. ૧૮મી એપ્રિલના દિવસે સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, આધાર ડેટા લિક થવાથી પરિણામ પર અસર થઈ શકે છે.

### દૂધ સાગર ડેરીમાં ભંગારના ગોડાઉનમાં અચાનક આગ લાગી

મહેસાણા દૂધ સાગર ડેરી માં ભંગાર ના ગોડાઉન માં અચંક આગ લાગવા ગઈ હતી આગ લાગતા ધુમાડા ના ગોટેગોટા નીકળવા ગયા હતા જેને લઈ ને કર્મચારીઓં માં ભય નો માહોલ સર્જાયો હતો અને ડેરી માં કામ કરતા કર્મચારી ઓં તાત્કાલિક કામ છોડી ને બહાર આવી ગયા હતા જ્યારે ફાયર ના ૩ બંકરો એ આગ પર કાબુ મેળવ્યો હતો જ્યારે આગ શા કારણ થી લાગી તે અંગે હાલ માં પ્રશ્નાર્થ છે જ્યારે ફાયર સેફટી ને લઈ ને ડેરી સામે અનેક સવાલો ખડા થવા ગયા છે.